ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગુજરાતની પ્રોહિબીશન પોલીસી ભારતમાં લાગૂ કરી શકાય ખરી

## આખા વર્ષના માત્ર ત્રણ દિવસ જ ડ્રાય ડે કેમ, ૩૬૫ દિવસ કેમ નહીં ?

**કેન્દ્ર સરકારનો હડહડતો અન્યાય કોંગ્રેસના નેતાઓને મોદીની ગિફ્ટ**

**હિમાચલ પ્રદેશની મસ્શહૂર ચેરી ગુજરાતના ખેતરોમાં ઉગવી અશક્ય છે**

**ગાંધીનગર પછી દિલ્હી-મોદી માટે દુશ્મન પણ શક્તિશાળી રહ્યા નથી**

**ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત**

ગુજરાતમાં શાંતિ કેમ છે તેનું એકમાત્ર કારણ તેની પ્રોહિબીશન પોલિસી છે. આ પોલિસી ગુજરાતમાં લોકોને શરાબ પીવાની છૂટ આપતી નથી. ઉત્તર -દેશ, બિહાર, રાજસ્થાન અને મહારાષ્ટ્ર જેવા રાજયોમાં શરાબ પીવાની છૂટ હોવાથી આ રાજયોમાં ક્રાઈમરેટ ઉંચો જોવા મળે છે. શરાબના કારણે અનેક પરિવારો પાયમાલ થયા છે. પરિવારના સભ્યો ક્રિમિલન બનતા ગયા છે. ગુજરાતમાં માત્ર ૫૦ હજાર લોકોને જ દારૂ પીવાની પરમીટ આપવામાં આવેલી છે, અને તે પણ જાહેરમાં તો નહી જ...!!

ભારતમાં ગુજરાત ઉપરાંત મિઝોરમ, નાગાલેન્ડ, મણિપુરનો કેટલોક હિસ્સો અને લક્ષ્યદ્વિપમાં દારૂબંધી છે. જો કે ઘણાંને યાદ નહીં હોય કે આખા ભારતમાં ૧૫મી ઓગષ્ટ, ૨૬મી જાન્યુઆરી અને ર જી ઓક્ટોબરના રોજ ડ્રાય ડે હોય છે, અહીં સવાલ એ છે કે માત્ર ત્રણ દિવસ કેમ, ૩૬૫ દિવસ હોવા જોઈએ ને..!!.. ગુજરાતનો જન્મ થયો ત્યારથી એટલે કે ૧લી મે ૧૯૬૦માં પ્રોહિબિશન નિતી બનાવેલી છે. એ પહેલાં ૧૯૪૮-૧૯૫૦ માં બોમ્બે સ્ટેટ દ્વારા પ્રોહિબિશનનો અમલ કરવામાં આવ્યો હતો. મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિમાં શરાબ પીવાની છૂટ નથી. સચિવાલયની કેન્ટીનમાં બે કર્મચારીઓ દલીલ કરતા હતા. એક કર્મચારી કહે કે મોદી હવે ગુજરાત માટેના નિર્ણયો ફટાફટ લઈ રહ્યાં છે, ત્યારે બીજા કર્મચારીએ સૂચન કરતાં કહ્યું કે જો તમારે મોદી સાથે વાત કરવાના સબંધ હોય તો તેમને કહેજો કે હવે સમગ્ર દેશમાં



● અનુસંધાન પાન-૭ પર

# ડુંગળી-બટેટામાં લૂંટાતા ગ્રાહકો વેપારીઓ ઉંચા ભાવ પડાવે છે

ગાંધીનગર, તા.૧૫

ચોમાસાની સીઝન પૂર્વે જ ડુંગળી બટેટાના ભાવમાં વધારો નોંધાઈ ગયો છે. ઓછી આવકના પગલે રીટેલમાં વેપારીઓ દ્વારા ઉંચા ભાવ વસુલવામાં આવી રહ્યાં છે. વરસાદની સીઝન પહેલા જ વેપારીઓની સંગ્રહ ખોરીના ભોગે દરેક વર્ગને રોજીંદી જરૂરીયાત ગણાતી ડુંગળી-બટેટાના ભાવમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

માર્કેટમાં હાલ એક કિલો બટેટાનો ભાવ રૂ. ૨૦ થી ૨૫ અને ડુંગળીનો ભાવ રૂ.૧૬ થી ૨૦નો જોવા મળી રહ્યો છે. તો ઘણી વખત પોશ વિસ્તારોમાં લારી લઈને વેપાર કરવા આવતા શાકભાજી વાળા તો ઉઘાડી લૂંટ ચલાવતા હોય તેવું જોવા મળી રહ્યું છે. તેઓ તો એક કિલોનો ભાવ રૂ. ૩૦ સુધી વસુલે છે. હોલસેલમાં ભાવમાં ઓછો વધે તેની સામે રીટેઈલમાં ત્રણ ગણો ભાવ વધારો નોંધાઈ રહ્યો છે. ૧૫ દિવસની અંદર જ ભાવમાં મોટો વધારો ઝીંકાઈ ગયો છે. સરેરાશ રૂ.૧૩ થી ૧૬ની વચ્ચે મળતા એક કિલો બટેટા હાલ રૂ. ૨૦ થી ૨૫ને આંબી ગયા છે તેની સામે ૮ થી ૧૦ રૂપિયે કિલો મળતી ડુંગળીનો ભાવ રૂ.૧૬ થી ૨૦ સુધી પહોંચી ગયો છે.

વેપારીઓએ ઓછી આવકનો સૂર દર્શાવીને ભાવ વધારો ઝીંકી દીધો છે. વેપારીઓના મતે ડુંગળી અને બટેટાની આવકો ઘણી અનિયમીત છે તેવું જણાવ્યું હતું. મોટા ભાગે સ્ટોરેજના બટેટાઓ માર્કેટમાં વેચાઈ રહ્યાં છે. આવકના કેન્દ્ર સ્થાન દિશામાંથી આવક ઘણી ઓછી છે. શેરબજાર જેવી તેજી મંદી હોવાનો સૂર વેપારીઓએ વ્યકત કર્યો હતો. આગામી નવેમ્બર માસમાં નવા બટેટાની આવક શરૂ થશે ત્યારે ભાવમાં ઘટાડો થશે તેવું વેપારીઓએ જણાવ્યું હતું ત્યાં સુધી ભાવમાં વધઘટ ચાલતી રહેશે. બીજી તરફ મહારાષ્ટ્રની ડુંગળીની આવકો શરૂ છે. પરંતુ પૂરતા પ્રમાણમાં માલ ન આવતા ચોમાસા પૂર્વે જ ભાવમાં વધારો નોંધાઈ ગયો છે.



## ડુંગળી ફરી રડાવવા તૈયાર! અઠવાડિયામાં ભાવ વધશે

ગાંધીનગર, તા.૧૫

નબળા ચોમાસાની આશંકા બાદ લોકોને ડુંગળીના ભાવ ફરી રડાવવા તૈયાર હોય તેમ છેલ્લા એક અઠવાડિયામાં દેશના ડુંગળીના મુખ્ય ઉત્પાદક રાજય મહારાષ્ટ્રમાં ડુંગળીના ભાવમાં ૫૦ ટકાનો ઉછાળો નોંધાયો છે

મુંબઈમાં અઠવાડિયા પહેલા રૂ. ૧૦ થી ૧૫ની કિલો મળતી ડુંગળીના છૂટક બજારમાં રૂ. ૨૫ થી ૩૦ થયા છે. એટલે કે ડુંગળીના ભાવમાં ઉછાળો નોંધાયો છે. આની અસર દેશમાં થવાની શકયતા છે. મહારાષ્ટ્રમાંથી દેશમાં ડુંગળીની સપ્લાય સૌથી વધુ થાય છે. હાલમાં દરેક શહેરોમાં રૂ. ૫નો વધારો થયો છે. અલબત્ત સરકાર ડુંગળીના ભાવ પર નજર રાખી રહી છે તેના પુરવઠા સુનિશ્ચિત કરવા પગલા ઉઠાવશે તેમ જાહેર કર્યું છે.

# આજના કેટલાક કવિઓએ લોક સાહિત્યને છીછરું કરી દીધું છે : ભીખુદાન

## હાસ્યમાં પણ વેદના હોવી જોઈએ : હાસ્યની ચરમસીમાએ કરૂણ પ્રગટે અને કરૂણા ચરમસીમાએ હાસ્ય પ્રગટે : નવા સાહિત્ય માટે કવિઓએ લેશન કરવું જોઈએ

ગાંધીનગર,તા.૧૫

લોક જીવનની સંસ્કૃતિ જાળવતા ગીતો, વાતો દોહરાવો અને કવિતાઓ જેમાં રજુ થતી હોય તેનું નામ લોક સાહિત્ય. જેમાં મર્યાદા અને સંસ્કૃતિ મુખ્ય પરિબળ હોય છે. પરંતુ હાલના સમયમાં કેટલાક નવોદિત કલાકારોના લીધે વક્તવ્યમાં માણસ નીચો આવ્યો છે. કુટુંબ જીવનની વાતમાં મર્યાદાનો ભંગ થાય છે. જે-તે ક્ષેત્રના કવિઓએ લોકસાહિત્યને છીછરું કરી મુક્યું છે તેમ સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.



શહેરમાં કલા અને સંસ્કૃતિ ક્ષેત્રે ચેતના જાગૃત કરવા પ્રયત્નશીલ શિવરંજની કલા સંસ્થા દ્વારા જાણીતા લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીના ડાયરાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ તબક્કે નગરના મહેમાન બનેલા લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીએ જણાવ્યું હતું કે લોકસાહિત્ય અને લોક સંગીત દરેકને સ્પર્શે તેવું હોય છે. લોકસાહિત્યમાં લોકોનું હિત, વેદના, સંવેદના તેમજ સુખ-દુખની વાતો વણી લેવામાં આવે છે. પરંતુ થોડા અફસોસની વાત એ છે કે વર્તમાન સમયમાં જે-તે ક્ષેત્રના કવિઓએ લોકસાહિત્યને છીછરું કરી મુક્યું છે માટે આ ક્ષેત્રે થોડી અરુચિ આવી છે. હાસ્ય, સાહિત્ય પવિત્ર હોવું જોઈએ. ગુજરાત સરકાર પણ લોકસંગીત અને સાહિત્યને પ્રોત્સાહિત કરવા -યત્નશીલ છે ત્યારે આ ક્ષેત્રે નવોદિત કલાકારોએ લેશન કરવું અનિવાર્ય બન્યું છે. નવા કલાકારોએ બીજાને સંભાળવા જોઈએ. તેમજ નવું નવું સાહિત્ય આવે તે માટે જરૂરી અભ્યાસ પણ કરવો જોઈએ તેમ પણ તેમણે જણાવ્યું હતું. પુસ્તકોનું વાંચન કરવાથી પણ નવા વિચારો અસ્તિત્વમાં આવે છે. કલાકારો દ્વારા પીરસતા હાસ્યરસમાં પણ વેદના હોવી જોઈએ. કરુણતાની ચરમસીમાએ હાસ્ય અને હાસ્યની ચરમસીમાએ કરુણા પ્રગટે છે. લોકસાહિત્યમાં મર્યાદા અને સંસ્કૃતિ જળવાય તેની સાથે ગુજરાતી ભાષા જળવાઈ રાહે તે બાબતો મુખ્ય છે. દલડાના દરબાર શીર્ષક હેઠળ યોજાયેલા ડાયરા ના કાર્યક્રમમાં શિવરંજની કલા સંસ્થાના વાગ્મીન બુચ, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા સહિતના નગરના અગ્રણીઓએ હાજરી આપી હતી. લોકસાહિત્યકાર ભીખુદાન ગઢવીએ કાર્યક્રમ દરમિયાન ભરત કવિની જાણીતી રચના અરમાન જિંદગીના પુરા થાય તો પણ ઘણું છે... એનો ભાવાર્થ પણ રજુ કર્યો હતો.



આમ્રકૂટ - સેક્ટર-૨૩ સ્વામિનારાયણ મંદિરના પૂજ્ય હરિકેશવદાસજીના ૮૦મા જન્મદિવસ નિમિત્તે ભગવાન સ્વામિનારાયણના ચરણે ૮૦૦ કિલો કેરીનો આમ્રકૂટ રચ્યો હતો... સાથોસાથ શહેરના વૃદ્ધાશ્રમો અને અંધશાળામાં ભોજન પીરસાયું હતું. શાસ્ત્રી હરિકેશવદાસજીના જન્મદિવસના ઉપલક્ષ્યમાં સતસંગ બેઠક ઉપરાંત સમાજ કલ્યાણના કાર્યક્રમોની શ્રેણી આયોજીત કરાયેલી છે જેમાં ભાવિકો મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

# ગરમી ઓછી થઈ પરંતુ ઉકળાટ યથાવત

## સતત પવનના કારણે ધૂળની ડમરીઓ ઉડે છે : નગરજનો વર્ષારાણીના આગમનની મીટ માંડીને બેઠા છે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સહિત સમગ્ર રાજયના નાગરિકો હવે કાગડોળે વર્ષાઋતુના આગમનની રાહ જોઈ રહ્યા છે. ગરમીનો પારો પણ હવે ગગડીને મહત્તમ ૩૮.૭ ડિગ્રી સેલ્શિયસ પર આવી ગયો છે જયારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ સવારના જે મહત્તમ ૬૮ ટકા હતું તે પણ સાંજ સુધી ૪૦ ટકા લઘુત્તમ જળવાયું છે. ગરમીનો લઘુત્તમ આંક ૨૯ ડિગ્રી સેલ્શિયસ નોંધાયો છે અને દિવસ દરમિયાન વરસાદી વાયરો સતત વાયા કરવાથી નગરજનોને ગરમીમાં તો રાહત મળી છે પરંતુ વરસાદ પહેલાનો બફારો હજુ પણ પંખો કે એસીથી દૂર થવા દેતો નથી.

દિવસ દરમિયાન અકળાવનારો બફારો અને રાત્રે જમીનમાંથી નીકળતી ગરમ હવાને કારણે હજુ પણ નગરજનોને

● અનુસંધાન પાન-૭ પર

### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૭-૬-૧૪, મંગળવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૮-૦૦ કલાકથી બપોરના ૨-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

**૧. સેક્ટર-૧૭/૨૨ સબસ્ટેશન**

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

# બજારોમાં વિવિધ કેરીઓ ઠલવાઈ : ભાવો નીચા આવ્યા

ગાંધીનગર, તા.૧૫

માર્કેટમાં હાલ કેરીની ધૂમ આવકો નોંધાઈ રહી છે. કેસર કેરીના ઢગલે ઢગલા જોવા મળી રહ્યા છે. સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ સહિતના આવકના કેન્દ્ર સ્થાનેથી મોટા પ્રમાણમાં માલનો જથ્થો આવી રહ્યો છે. જેથી કેરીના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેરીના ભાવ તળીયે બેસી ગયા છે. જેથી દરેક વર્ગના લોકો હવે કેરીનો સ્વાદ માણી શકશે. હાફુસની સીઝન પૂર્ણ થવાના આરે છે અને કેસર કેરીની આવકો ધૂમ છે. કેસર કેરીની સીઝન હાલ પુર બહારમાં ખીલી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

હાલ કચ્છ, તલાલા, ગીર સહિતના સ્થળોએ કેસર કેરીની ધૂમ આવકો નોંધાઈ રહી છે. જુનો માલ વેચાતો ન હોય ત્યાં નવા માલના ખડકલા થવા લાગ્યા છે. માર્કેટમાં હાલ રત્નાગીરી હાફુસની આવકો સાવ ઘટી ગઈ છે. હાફુસમાં વલસાડ અને બેંગ્લોર સાઈડથી આવકો થઈ રહી છે. કેસર કેરીની આવકો વધારે છે જેથી તેના ભાવમાં ઘટાડો નોંધાયો છે. માર્કેટ યાર્ડમાં માલનો ભરાવા જેવી સ્થિતિ નિર્માણ પામી છે. છેલ્લા બે દિવસથી તલાલા પંથકમાં ભારે પવન સાથે વરસાદી માહોલ છવાતા કેસર કેરીની આવકો અચાનક વધી ગઈ છે. તલાલા યાર્ડમાં પણ બુધવારે એક સાથે ૫૦ હજાર બોકસની વિક્રમજનક આવક બાદ ગુરુવારે ૫૨ હજારથી પણ વધુ જંગી જથ્થામાં કેસર કેરીની આવક થવા પામી હતી. શહેર માર્કેટમાં કેસર કેરીની આવકો વધતા બોકસનો ભાવ રૂ. ૧૫૦ થી ૫૦૦ સુધીનો થઈ ગયો છે. છેલ્લા એક અઠવાડીયામાં કેરીના ભાવમાં મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેરી સસ્તી થઈ જવાથી છેલ્લી સીઝનની કેરીઓ તમામ વર્ગના લોકો ખાઈ શકશે હજુ ૨૦ દિવસ સુધી કેસર કેરીની સઝન ચાલે તેવો અંદાજ વેપારીઓએ વ્યકત કર્યો હતો. વરસાદ ન આવે ત્યાં સુધી કેસર કેરી અને વરસાદ આવી ગયા બાદ કેરીના શોખીનો માટે લંગડો, તોતા, સુંદરી, દસેરી જેવી કેરીઓની આવકો નોંધાશે. બજારમાં અત્યારે કેસર કેરીમાં કચ્છ અને તલાલા કેરીની સૌથી આવકો છે. સારા માલની સાથે નબળા



● અનુસંધાન પાન-૭ પર

# ચિલોડામાં ગ્રામ પંચાયતની પેટા ચુંટણી

## વોર્ડ નં.૬ની પેટાચૂંટણીમાં ૭૯ ટકા વિક્રમી મતદાન

ચિલોડા, તા.૧૫

ગાંધીનગર જિલ્લાના ચિલોડા ખાતે આજે ગ્રામ પંચાયતના વોર્ડ નં.૬માં ખાલી પડેલ જગ્યા માટે ચૂંટણી યોજાઈ હતી. આ જગ્યા સામાન્ય મહિલા ઉમેદવાર માટે અનામત હોવાથી અહીં કુલ બે મહિલા ઉમેદવારોએ તેમની ઉમેદવારી નોંધાવી હતી. આ ચુંટણીમાં પણ મતદારોએ જંગી ૭૯ ટકા જેટલું મતદાન કર્યું હતું અને ગુજરાત વિધાનસભાની ચુંટણીઓથી દેશની લોકસભાની ચૂંટણીઓ સુધી જોવા મળેલ ઉંચા મતદાનની પ્રથા જાળવી રાખી હતી.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)





ચિલોડાના વોર્ડ નં. ૬ની બેઠક મહિલા ઉમેદવાર માટે અનામત હોવાથી અહીં લીલાબેન ચૌહાણ અને રીટાબેન ઠાકોર એમ બે મહિલા ઉમેદવારોએ ચુંટણીમાં ઝંપલાવ્યું હતું. આ વોર્ડમાં કુલ ૩૫૮ નોંધાયેલ મતદારો હતા જેમાં પુરુષ મતદાતા ૧૭૬ અને ૧૮૨ મહિલા મતદાતાઓનો સમાવેશ થાય છે. આ તમામ મતદારમાંથી કુલ ૧૪૮ મતદારોએ અને કુલ ૧૩૫ મહિલા મતદારોએ તેમના મતદાન અધિકારનો ઉપયોગ કર્યો હતો. આમ કુલ ૨૮૩ મતદાતાઓએ તેમનો મતાધિકારનો ઉપયોગ કરતા મતદાનની ટકાવારી ૭૯ નોંધાઈ હતી. આમ ગુજરાત રાજયની વિધાનસભાની ચૂંટણીઓથી દેશની લોકસભાની સામાન્ય ચૂંટણીઓ સુધી જોવા મળેલ ઉંચા મતદાનની પેર્ટન અહીં પણ જળવાયેલી જોવા મળી હતી.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable!
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com